ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ, ગુણ તારા નિત્ય ગાઈએ, થાય અમારા કામ...

## રાજ્યમાં વધુ ૫૭૭ નવા કેસ : અમદાવાદમાં ૨૩૮ : ગાંધીનગરમાં ૧૫

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ દો ગજની દૂરીનો અમલ કરીએ.. સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૦૭ | ૨૬ જુન, ૨૦૨૦, શુક્રવાર; અષાઢ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બિહારમાં વરસાદી તોફાન : વીજળી પડવાથી ૮૩નાં મોત



## ચોમાસાના પ્રારંભે જ ખુવારી વેરતો વરસાદ

પટણા, તા. ૨૫

બિહારમાં છેલ્લા ૨૪ કલાકમાં આંધી-તોફાન અને વીજળી પડવાથી ૮૩ લોકોના મોત થયાં છે. આ માહિતી સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા આપવામાં આવી છે. ગોપાલગંજમાં ૧૩, મુધબની, પૂર્વી ચંપારણ, બેતિયા અને પશ્ચિમ ચંપારણમાં બે-બે લોકો, પૂર્ણિયા અને બાંકામાં એક-એક વ્યક્તિનું મોત થયુ છે. આ સિવાય ડઝન જેટલા લોકો દાઝ્યા હોવાના અહેવાલ સાંપડી રહ્યા છે.ગોપાલગંજ જિલ્લામાં ગુરુવારે સવારથી સતત વરસાદની વચ્ચે વીજળી પડવાથી ૧૩ લોકોના મોત થયા હતા. વીજળીથી ઉચકાગાંવમાં ચાર, માંઝામાં બે તથા વિજયીપુર, કટેયા અને બરોલીમાં એક-એક વ્યક્તિનું મોત થયું હતું. વિજળી પડવાથી જીવ ગુમાવનારમાં મોટાભાગના લોકો ખેતરમાં કામ કરી રહ્યા હતા. જ્યારે બરોલી અને માંઝામાં વીજળી પડવાથી ચાર લોકો ઘાયલ થાય હતા, તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા છે. જ્યારે બીજી તરફ ઉત્તર

## દુર્ઘટનામાં ડઝન જેટલા લોકો દાઝી જતાં હોસ્પિટલમાં દાખલ : જીવ ગુમાવનારા લોકો ખેતરોમાં કામ કરતા હતા

બિહારમાં પણ વીજળી પડવાથી ચાર લોકોના મોત થાય છે. પૂર્વ ચંપારણમાં વીજળી પડવાથી સગીર બાળકી સહિત બે લોકોના મોત થયા છે. પશ્ચિમ ચંપારણના વિશુનપુરવા અને માલદામાં પણ વીજળી પડાવથી બે લોકોના મોત થયા છે. આ સિવાય બેતિયા જિલ્લાના શિકારપુરાના ભસુરારી ગામમાં વીજળી પડવાથી બે લોકોના મોત થયા છે.

## દેશના બે રાજ્યોએ પતંજલિ કોરોનિલ પર પ્રતિબંધ લગાવ્યો

મુંબઈ/જયપુર,તા.૨૫

બાબા રામદેવની દવા કોરોનિલ ટેબલેટ અંગે મહારાષ્ટ્ર સરકારે પણ પ્રતિબંધ લગાવી દીધો છે. આ પહેલા રાજસ્થાન સરકારે પણ તેના પર પ્રતિબંધ લગાવી દીધો હતો. મહારાષ્ટ્ર સરકારના ગૃહમંત્રી અનિલ દેશમુખે કહ્યું કે, કોરોનિલના ક્લીનિકલ ટ્રાયલ અંગે હજુ સુધી કોઈ ઠોસ માહિતી મળી શકી નથી. એવામાં મહારાષ્ટ્રમાં દવાના વેચાણ પર પ્રતિબંધ રહેશે.

# દેશમાં કોરોનાના અધધ... ૧૭ હજાર નવા કેસ

**દેશમાં કોરોના ચેપનાં કેસો વધીને ૪,૭૩,૧૦૫ થયા : વધુ ૪૨૨ના મોત સાથે દેશમાં મૃત્યુઆંક ૧૪,૮૯૬એ પહોંચ્યો, અત્યાર સુધીમાં ૨ લાખ ૭૧ હજાર ૬૯૭ દર્દીઓ સાજા થયા : રિકવરી રેટ વધીને ૫૭.૪૨ ટકા સુધી પહોંચ્યો, એક્ટિવ કેસ કરતા સ્વસ્થ્ય થનારાની સંખ્યા વધી**

નવી દિલ્હી, તા.૨૫

સમગ્ર દેશમાં અનલોક-૨ની તૈયારીઓ ચાલી રહી છે અને તેમાં વધુ છૂટછાટ આપવાની શક્યતા વચ્ચે કોરોનારૂપી એક્સપ્રેસ થંભવાનું નામ ન લેતી હોય તેમ સતત વધતા કેસોમાં એક જ દિવસમાં નોંધાયેલા સૌથી વધુ કેસનો એક નવો રેકોર્ડ નોંધાયા છે. આજે ગુરૂવારે સવારે જાહેર કરાયેલાં આંકડા પ્રમાણે, ભારતમાં ૧૭,૦૦૦ કરતા વધુ કેસ એક દિવસમાં નોંધાયા છે, પાછલા એક દિવસમાં નોંધાયેલા કેસનો રેકોર્ડ ૧૫,૬૮૯ હતો જેમાં વધુ ૧,૫૦૦ કેસ સાથે હવે નવો રેકોર્ડ નોંધાયો છે. તેની સાથે ગઈકાલે બુધવારે સતત બીજા દિવસે ૪૦૦થી વધારે એટલે કે ૪૨૨ લોકોના મોત પણ નોંધાયા છે. આ સાથે એક દિવસમાં



નોંધાયેલા નવા કેસનો આંકડો ૧૭,૧૫૬ થયો છે. ભારતમાં કોરોના વાયરસના કુલ કેસનો આંકડો વધીને ૪.૭૩ લાખ એટલે કે પોણા પાંચ લાખની નજીક પહોંચી થયો છે, ચાર દિવસ પહેલા દેશમાં કોરોનાના કુલ કેસનો આંકડો ૪ લાખ હતો. અને વાયરસના કારણે થયેલા કુલ મૃત્યુઆંક ૧૪,૮૯૬ થયો છે. દરમ્યાનમાં, મધ્યપ્રદેશમાં શિવરાજ સરકારે એક જૂલાઈથી રાજ્યમાં ''કીલ કોરોના' અભિયાન શરૂ કરવાની જાહેરાત કરી છે.

મહારાષ્ટ્રમાં બીજા નંબરના સૌથી વધુ કેસ અને ૨૦૮ના મોત નોંધાયા છે. મહારાષ્ટ્રમાં એક દિવસમાં નોંધાયેલા મોત ભારતમાં નોંધાયેલા કુલ આંકડાનો અડધાભાગ જેટલો થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

## પશ્ચિમ બંગાળમાં લોકડાઉન ૩૧ જુલાઈ સુધી લંબાવાયુ

કોરોના કેસ સતત વધી રહ્યા છે. કેસ ઘટતા જાય છે તેના કરતા ઝડપી દરે વધી રહ્યા છે. છેલ્લા ૩૦ દિવસમાં કોરોનાના લગભગ ૩ લાખ કેસ નોંધાયા છે. આવા કિસ્સાઓમાં, લોકડાઉનને ઉઠાવવું કરવું વધુ જોખમી હોઈ શકે છે. તેને ગંભીરતાથી લઈને પશ્ચિમ બંગાળએ લોકડાઉન ૩૧ જુલાઈ સુધી વધાર્યું છે. પશ્ચિમ બંગાળ સરકારે બુધવારે મોડી સાંજે એક મોટો નિર્ણય લેતા રાજયમાં લોકડાઉન ૩૧ જુલાઈ સુધી લંબાવવાનો નિર્ણય લીધો છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૯૬૨૧૦૩૭ | ૪૮૭૨૯૨ | ૫૨૧૫૪૨૯ |
| ભારત | ૪૮૯૭૯૫ | ૧૫૩૦૨ | ૨૮૫૦૭૬ |
| ગુજરાત | ૨૯૫૭૮ | ૧૭૫૪ | ૨૧૫૦૬ |
| ગાંધીનગર | ૬૪૭ | ૩૩ | ૪૧૮ |

## ભારતીય શૂટર સમરેશ જંગનો પરિવાર કોરોનાગ્રસ્ત

નવી દિલ્હી, તા. ૨૫

ભારત માટે શૂટિંગમાં સાત સાત ગોલ્ડ મેડલ જીતનારા સમરેશ જંગના પરિવારના તમામ સદસ્યોને કોરોના પોઝિટિવ આવ્યો છે. આમ તેનું ઘર હવે મિની હોસ્પિટલ બની ગયું છે. સમરેશ જંગ શૂટિંગ અને લોકોમાં જાગૃતિ લાવતો હતો તેને બદલે હવે તે કોરોના સામેની લડત અંગે લોકોને માહિતગાર કરી રહ્યો છે. સમરેશ જંગે આ અંગે જણાવ્યું હતું કે હું એ ચીજો દર્શાવવાનો પ્રયાસ કરી રહ્યો છું જે કરવી જોઈએ અને કઈ વસ્તુ ના કરવી જોઈએ. હુ જે જાણું છુ તે જ સંદેશ આપી રહ્યો છું. સમરેશ જંગનું નિવાસ ઘણું મોટું છે. તેમાં ઘણા રૂમ છે અને ઘણા ટોયલેટ છે જેને કારણે તેને કોરાના વાયરસ પર વિજય હાંસલ કરવામાં મદદ મળી છે. તેના પરિવારના પાંચ સદસ્યો કોરોનાગ્રસ્ત બન્યા હતા. ૨૨મી જૂને સત્તાવાળાઓએ તેને કોરોના મુક્તનું પ્રમાણપત્ર આપ્યું હતું. આ સમય ગાળા સુધી તે અને તેનો પરિવાર ઘરમાં જ કોરોન્ટાઈન રહ્યો હતો.

# હવે કોરોનાનાં લક્ષણ ધરાવતા દરેકની તપાસ થશે : ICMR

**ચેપના ફેલાવાને રોકવાની પ્રક્રિયા મજબૂત બનાવાશે : ઈન્ફલૂએન્જાના લક્ષણ હોય, હોસ્પિટલમાં દાખલ દર્દી કે નિષિદ્ધ ક્ષેત્રમાં રહેનાર વ્યક્તિ, તમામની તપાસ કરાશે**

નવી દિલ્હી, તા. ૨૫

કોરોના વાયરસથી સંબંધિત તપાસની સીમા વધારતા ઈન્ડિયન મેડિકલ રિસર્ચ કાઉન્સિલ (આઈસીએમઆર)એ બુધવારે કહ્યું કે હવે દેશભરમાં કોવિડ-૧૯ના લક્ષણ ધરાવતા દરેક વ્યક્તિની તપાસ સુવિધા વ્યાપક સ્તર પર ઉપલબ્ધ કરાવવામાં આવશે. કોવિડ-૧૯ની તપાસને લઈને આઈસીએમઆર દ્વારા ગત ૨૩ જૂને જાહેર કરેલાં એક સંશોધિત પરામર્શમાં કહેવાયું છે કે, 'ચેપ રોકવો અને લોકોના જીવ બચાવવાનો એક માત્ર ઉપાય છે કે અમે તપાસ કરીએ, ચેપના કારણ શોધીએ અને ફરી સારવાર


● અનુસંધાન પાન-૭ પર

## આસામમાં ધોધમાર વરસાદ બાદ પૂરમાં ૧૨ના મોત

ડિબ્રૂગઢ,તા.૨૫

આસામમાં ધોધમાર વરસાદ બાદ આવેલા પૂરથી હાલાત બદથી બદતર થતા જઈ રહ્યા છે. બુધવારે આવેલા પૂરને પગલે વધુ એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે અત્યાર સુધી પ્રદેશના પાંચ અલગ અલગ જિલ્લાના ૩૮ હજાર લોકો પ્રભાવિત થયા છે. સિવનગર જિલ્લામાં એક વ્યક્તિનુ મોત થયું છે, આની સાથે જ પ્રદેશમાં આ વર્ષે પૂરને કારણે ૧૨ લોકોના મોત થયાં છે. આસામ રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ નિગમ તરફથી અપાયેલી જાણકારી મુજબ પૂરથી પ્રદશમાં ધેમજી, જોરહાટ, મજૂલી, સિવનગર, ડિબ્રૂગઢમાં ૩૮ હજાર લોકો પ્રભાવિત થયા છે.

પૂરથી સૌથી વધુ લોકો ધેમજીમાં પ્રભાવિત થયા છે, જ્યાં ૧૫૦૦૦ લોકો અસરગ્રસ્ત થયા છે જ્યારે ડિબ્રૂગઢમાં ૧૧૦૦૦ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. જ્યારે સિવનગરની વાત કરીએ તો અહીં ૧૦ હજાર લોકો પ્રભાવિત થયા છે. મંગળવારે પૂર પ્રભાવિત લોકોની સંખ્યા ૩૭ હજાર હતી, પરંતુ મજૂલીાં પણ પૂર આવવાથી આ આંકડો વધી ગયો છે. પૂરના કારણે ૧૦૨ ગામ ડૂબી ગયા છે, જ્યારે ૫૦૩૧ હેક્ટર ખેતર બરબાદ થઈ ચૂક્યાં છે. પ્રશાસન ૨૭ રાહત કેમ્પ ચલાવી રહ્યું છે, જ્યાં ૧૦૮૧ લોકોને રાખવામાં આવ્યા છે.







Keep your car monsoon-ready. Drive to a Hyundai Service Centre near you and enjoy exciting offers.

Monsoon Drive Camp: 25th - 29th June, 2020

Free 50 point check-up
Complete interior smoke sanitization @ ₹999
Complete interior surface sanitization @ ₹1,299
10% Discount on AC gas refill & AC work labour
15% Discount on under-body coating
Special offer on tyre replacement

HYUNDAI

Only Hyundai Authorised Workshop in Gandhinagar

PUNJAB HYUNDAI

Plot No. 501/502, GIDC Gate-1, Sector 28, GANDHINAGAR. Ph.: 9825044192 | C/1/30 GIDC Estate, B/h. Aadhar Mall, KALOL Ph.: 9825077648 | Nr. Atithi Hotel. Opp. Ashirwad Hospital, DEHGAM Ph.: 98250 70206